dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

February 2013 — For private circulation only — Vol. 05 - Issue 100

Ley your own discreation by your tutor; suit the action to the word, the word to the action.

- Shakespeare

તમારા વિવેકને તમારો શિક્ષક થવા દો. કાર્ય સાથે વાણીને અને સાથે કાર્યને સુસંગત બનાવો.

- શેક્સપિયર

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

સન્માનનીય ડૉ. વી.આર. પંચમુખીજી, રજીસ્ટ્રારશ્રી, સિન્ડિકેટ અને સેનેટના માનનીય સભ્યશ્રીઓ, વિવિધ વિભાગના ડીનશ્રીઓ, આચાર્ય અને અધ્યાપક મિત્રો, આ યુનિવર્સિટીના શિક્ષિત અને દીક્ષિત યુવાન વિદ્યાર્થીઓ તથા તેમના પરિવારજનો અને આમંત્રીત મહેમાનો અને અત્યંત સન્માનનીય દાતાશ્રીઓ..... અર્વાચીનોમાં આદ્ય એવા વીર કવિ નર્મદને હું શબ્દાંજલિ અર્પણ કરું છું.

પદવીદાન સમારંભ એ કોઈ પણ યુનિવર્સિટી માટે અને સમગ્ર શિક્ષણ જગત માટે એક અત્યંત મહત્વનો તથા ગૌરવપૂર્ણ અવસર છે. યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણના પાઠ ભણી યુવાન વિદ્યાર્થી યોગ્ય નાગરિક બની પોતાના પરિવાર, રાષ્ટ્ર અને સમગ્ર માનવજાતને પોતાની બુધ્ધિપ્રતિભા અને વિચાર તથા સમજણશકિતના ઓજસ પાથરી નવો રાહ ચીંધવા સજ્જ બન્યો છે અને પ્રતીતિનો આ સમય છે. યુનિવર્સિટીનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને અંતિમ સૂચનાઓ આપવાનો અને તેઓનું ભવિષ્ય ઉજ્જવળ બને તેવા આશીર્વાદ પાઠવવાનો આ અવસર છે. સમગ્ર યુનિવર્સિટી પરિવાર વતી હું અમારા પ્રિય વિદ્યાર્થી દોસ્તોને ઉચ્ચશિક્ષણની ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવું છું અને શુભ વિચારોના અમલીકરણ દ્વારા સ્વકલ્યાણના માર્ગે આગળ વધી સર્વકલ્યાણના અંતિમ લક્ષ્યને પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ પાઠવું છું. સાથે સાથે વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં મૂલ્યવાન યોગદાન આપનાર સૌ અધ્યાપક મિત્રોનો આભાર માનું છું.

દોસ્તો, જ્ઞાનની સદીના આપણે સાક્ષી બન્યા છીએ તે ઓછા સદ્ભાગ્યની વાત નથી. પણ યાદ રાખજો કે કોઈ પણ ભાગ્ય પુરુષાર્થની, પરિશ્રમની, પ્રતિબધ્ધતાની એરણ ઉપર સરાણે ચઢીને જ પૂર્ણ સ્વરૂપે ઉદય પામે છે. ક્ષિતિજ અસીમ છે અને સંશોધન તથા સાહસિકતા માટે અખૂટ તક છે. તમારા સૌમાં ઊંચી છલાંગ લગાવવાની પાર વિનાની ક્ષમતાઓ છે. હિમાલય સૌથી ઊંચો છે એ ખરી વાત હોવા છતાં આત્મવિશ્વાસ હિમાલય કરતાં પણ વધારે ઊંચો છે એ ક્યારેય કોઈ પણ કપરી પરિસ્થિતિમાં ભૂલતા નહીં. આ જિંદગી એક કાર્ડિયોગ્રામ છે. સીધી લીટીએ નથી ચાલતી. એમાં ચડાવ-ઉતાર આવશે. સમસ્યાઓનો સામનો કરજો અને પ્રશ્નોને પડકારજો. શિક્ષણે તમને આંખ જ નહીં પણ દ્રષ્ટિ યે આપી છે તે હંમેશ યાદ રાખજો. ગમે તેવી અને ગમે તેટલી ગંભીર કટોકટીમાં પણ આદર્શો અને જીવન મૂલ્યોની આંગળી છૂટી ન જાય તેની કાળજી રાખજો. શિક્ષણનું કામ જ આપણી સામે આવતા વાસ્તવિક પડકારોને ઝીલવા માટે આપણને સક્ષમ બનાવવાનું છે. આપણા દ્વારા એવી પરિસ્થિતિનું નિર્માણ થવું જોઈએ જેની બન્ને બાજુએ જીત હોવી જોઈએ. મનસૂબા મોટા રાખજો. આંખોને ખૂલ્લી અને વિચારોની પાંખોને ફેલાવેલી રાખજો. તમે એક દિવસ જરૂર જિંદગીના અફાટ આકાશને આંબી શકશો. વિશ્વાસનું હલેસુ હાથમાં હશે તો સાગર પાર કરવામાં સરળતા રહેશે. હિંમત કેળવવા માટે કોઈ પણ કિંમત ચૂકવવા માટે તૈયાર રહેશો તો તમે તમારા ઉદ્દેશ્યમાં જરૂર સફળ થશો અને સફળતા તમારા કદમ ચૂમશે. યાદ રાખજોઃ "પાંવમેં ચોટ ઔર છોટી સોચ સે કોઈ મંઝીલ નહીં પા સકતા"

નેપોલિયન હિલના મતે નિષ્ફળતાનું એક સામાન્ય કારણ કામચલાઉ પરાજય મળતાં મેદાન છોડીને નાસી છૂટવું તે છે. જીવનમાં પ્રેરણાના પ્રાણ પૂરે તેવો એક ઉર્દૂ શેર છે :

"મુમકિન હૈ આસમાન મેં ભી સુરાખ કરના
એક પથ્થર તો તબિયત સે ઉછાલો યારો ! "

એક કાવ્ય હરિવંશરાય બચ્ચનનું આ ક્ષણે યાદ આવે છે જે સૌને પ્રેરણા મળે તેવું છે :

લહરોંસે ડરકર નૌકા પાર નહીં હોતી
કોશિશ કરને વાલોંકી હાર નહીં હોતી.
નન્હી ચીંટી જબ દાના લેકર ચલતી હૈ,
ચઢતી હૈ દીવારોં પર, સૌ બાર ફિસલતી હૈ.
મનકા વિશ્વાસ રગોંમેં સાહસ ભરતા હૈ,


ચઢકર ગિરના, ગિરકર ચઢના અખરતા હૈ.
આખિર ઉસકી મેહનત બેકાર નહીં હોતી.
કોશિશ કરને વાલોંકી હાર નહીં હોતી.
ડૂબકીયાં સિન્ધુ મેં ગોતાખોર લગાતા હૈ,
જા જા કર ખાલી હાથ લૌટકર આતા હૈ,
મિલતે નહીં સહજ હી મોતી ગહરે પાની મેં.
બઢતા દુગુના ઉત્સાહ ઈસી હૈરાની મેં.
મુઠ્ઠી ઉસકી ખાલી હર બાર નહીં હોતી.
કોશિશ કરને વાલોં કી હાર નહીં હોતી.
અસફલતા એક ચુનૌતી હૈ, ઈસે સ્વીકાર કરો,
કયા કમી રહ ગયી ? દેખો ઔર સુધાર કરો
જબ તક ના સફલ હો, નીંદ ચૈન કો ત્યાગો તુમ.
સંઘર્ષ કા મૈદાન છોડકર મત ભાગો તુમ !
કુછ કીયે બીના હી જય-જય-કાર નહીં હોતી
કોશિશ કરને વાલોં કી હાર નહીં હોતી.

યુવાન વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ અનેકવિધ પ્રવૃત્તિઓ કરી છે. રાજયકક્ષાના કલાપ્રિય વિદ્યાર્થીઓ માટે 'સપ્તધારા'નું આયોજન કર્યું જેમાં જાણીતા અભિનેતા પરેશ રાવલે ઉપસ્થિત રહી પ્રેરણા આપી. ઝોન કક્ષાએ 'યુવક મહોત્સવ'નું ભવ્ય આયોજન સૌ પ્રથમવાર કર્યું. જેમાં ૬ રાજયોના વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો. 'ખેલ મહાકુંભ'નું ભવ્યાતિભવ્ય આયોજન યુનિવર્સિટીમાં થયું જેનું ઉદ્ઘાટન મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શુભ હસ્તે કરવામાં આવ્યું. યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌ પ્રથમ વાર ભાઈઓની ઈન્ટર ઝોનલ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજી વિવિધ વિભાગોમાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાના સેમિનારો અને વકતવ્યો યોજાયા. યુનિવર્સિટીના અધ્યાપકોએ રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય કક્ષાના સેમિનારોમાં ભાગ લઈ પેપર પ્રેઝન્ટેશન અને પ્રકાશન કર્યું છે. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું કેન્દ્ર અલાયદી રીતે આપણી યુનિવર્સિટીમાં શરૂ કરવામાં આવ્યું છે. વિવિધ વિભાગોમાં રાજ-રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું અને જુદી જુદી યુનિવર્સિટીમાં થયેલ આયોજનોમાં સક્રિય ભાગ લીધો. વિદેશોમાં પણ અધ્યાપકો અને યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું. સમગ્ર રાજયમાં સૌ પ્રથમવાર ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર આપણી યુનિવર્સિટીમાં યોજાયું. રાષ્ટ્રિય કક્ષાએ આચાર્યોનું અધિવેશન યોજયું. સી.સી. ટી.વી. પ્રોજકટ યુનિવર્સિટી કેમ્પસ માટે મંજૂર કરવામાં આવ્યો છે. જેલના કેદીઓ ઉચ્ચ અભ્યાસથી વંચીત ન રહી જાય તે માટે જેલ સાથે એમ.ઓ.યુ. કરી શૈક્ષણિક પ્રોગ્રામ હાથ ધર્યો છે. યુનિવર્સિટી ખાતે કળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે રૂપિયા ૧ કરોડના ખર્ચે આર્ટ ગેલેરીનું નિર્માણ થઈ રહયું છે જે માટે સુરતના ઉદ્યોગપતિ શ્રી કમલ તુલ્સીયાને રૂા. ૭૧ લાખનું માતબર દાન આપ્યું છે. દર વર્ષે યુનિવર્સિટીમાં પંડિત ઓમકારનાથ સંગીત મહોત્સવ યોજાય છે તે યુનિવર્સિટીમાં બનતી એક નોંધપાત્ર ઘટના છે. યુનિવર્સિટીનો નવો પ્રવેશદ્વાર, સ્વામી વિવેકાનંદ અને સરસ્વતી મંદિર, તેની સાથે ચિંતનકેન્દ્રો અને પાણીની પરબ સાથેના સુંદર બગીચાઓ, તળાવ, ગર્લ્સ હોસ્ટેલમાં લાઈબ્રેરી વગેરે દાતાઓના ઉમદા સહયોગથી મળેલ છે જેથી યુનિવર્સિટીને એક આગવો વિશેષ પ્રાપ્ત થયો છે. 'ગુજરાત સમીટ'માં આપણી યુનિવર્સિટીએ દેશ-વિદેશ સાથે ૧૦ MoU કર્યા છે જેમાંથી બે આંતરરાષ્ટ્રીય MoU કર્યા છે. જેથી નવી સગવડો અને જ્ઞાનની નવી ક્ષિતિજોને આંબી શકાય. યુ.જી.સી.ની ગ્રાન્ટમાંથી વધારાના રૂપિયા બે કરોડના ખર્ચે પરીક્ષાનું એસેસમેન્ટ સેન્ટર, સરકારી યોજના અંતર્ગત રૂપિયા ૧૦ કરોડના ખર્ચે સમાજના દાનથી પ્લેસમેન્ટ સેન્ટર, ઈશ્વરભાઈ સવાણીના દાન રૂપિયા ૫૧ લાખથી રિસર્ચ સેન્ટર, વગેરે અનેક નવા પ્રકલ્પો હાથ ધર્યા છે. આ વર્ષે L.L.M. નો નવો અભ્યાસક્રમ પણ શરૂ કર્યો છે. વળી, વિદ્યાર્થી એક સાથે બે ડિગ્રી મેળવી શકે તેવી વ્યવસ્થાને મંજૂરી આપી એક ઐતિહાસિક નિર્ણય લેનાર ગુજરાતભરમાં આ યુનિવર્સિટી સૌ પ્રથમ છે.

હું પુનઃ ઉચ્ચશિક્ષણ - ડિગ્રી પ્રાપ્ત કરનાર પ્રિય વિદ્યાર્થી દોસ્તોને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું અને જીવનમાં તમામ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરો તેવી શુભકામના પાઠવું છું.

૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ



# યુનિવર્સિટી ન્યૂઝ

## ૪૪મો વાર્ષિક પદવીદાન સમારંભ



(કવિ નર્મદને પુષ્પાંજલિ અર્પણ કરતા ડૉ. દક્ષેશ ઠાકર)



(કવિ નર્મદને પુષ્પાંજલિ અર્પણ કરતા ડૉ. વી.આર. પંચમુખી)

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનો ૪૪મો વાર્ષિક પદવીદાન સમારંભ તા. ૨૬-૨-૧૩ના રોજ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના પ્રમુખ સ્થાને યોજાઈ ગયો. જેમાં ડૉ. વી.આર. પંચમુખી (પૂર્વ ચેરમેન, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશ્યલ સાયન્સ રિસર્ચ, નવી દિલ્હી, સંચાલક તંત્રી, ઈન્ડિયન ઈકોનોમિક જર્નલ (ઈન્ડિયન ઈકોનોમિક એસોસિએશન), કુલાધિપતિ, રાષ્ટ્રિય સંસ્કૃત વિદ્યાપીઠ, તિરૂપતી)એ મુખ્ય મહેમાન તરીકે દીક્ષાંત પ્રવચન આપ્યું હતું.

આ પ્રસંગે પ્રારંભમાં પ્રમુખ સ્થાનેથી કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે સૌકોઈને આવકારતાં યુનિવર્સિટીના વિકાસની રૂપરેખા આપી, સૌનું સ્વાગત કર્યું હતું. યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીઓએ વિદ્યાર્થીઓને વિવિધ પદવી પ્રાપ્તિ અર્થે પ્રસ્તુત કર્યા હતા. કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ સર્વ વિદ્યાશાખાઓની વિવિધ પદવીઓની જાહેરાત કરી હતી. વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યાશાખાઓની પદવીઓ તેમજ ગોલ્ડ મેડલ અને પારિતોષિકો અર્પણ કરવામાં આવ્યાં હતાં.

કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ પ્રાસંગિક પ્રવચનમાં ઉપસ્થિત સૌકોઈને આવકાર આપતાં યુનિવર્સિટીનો ચિતાર આપતાં જણાવ્યું કે, યુનિવર્સિટીમાં કુલ ૮૨ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો અને ૧૫૦ જેટલી સેલ્ફ ફાઈનાન્સ કોલેજો છે. યુનિવર્સિટી પરિસરમાં ૨૪ જેટલાં અનુસ્નાતક વિભાગો અને ઉચ્ચ શિક્ષણ આપતાં કેન્દ્રો છે. આ વર્ષે નવીન ગુજરાતી અનુસ્નાતક વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. યુનિવર્સિટીએ નેક દ્વારા ૨.૮૨ સીજીપીએ સાથે બી.ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. યુનિવર્સિટી કેમ્પસમાં ગર્લ્સ અને બોઈઝ હોસ્ટેલનું નિર્માણ થઈ રહયું છે. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ૧૮૪૩૨૨ પુસ્તકો અને ૨૬૫ થી પણ વધારે જર્નલ્સ અને ૫૦૦૦ ઈ-જર્નલ્સ છે. યુનિવર્સિટીનું વૃત્તપત્ર 'દક્ષિણાયન' પણ પાક્ષિક સ્વરૂપે નિયમિત પ્રગટ થઈ રહયું છે. તદ્પરાંત ત્રણ જર્નલ્સ પણ નિયમિત પ્રગટ થઈ રહયાં છે. યુનિવર્સિટીના વિવિધ ડિપાર્ટમેન્ટના અધ્યાપકો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમિનારોમાં ભાગ લઈ ઉચ્ચશિક્ષણનું કાર્ય કરી રહયા છે આ વર્ષે ગુજરાતી સાહિત્ય પરિષદનું 'જ્ઞાનસત્ર', 'યુવક મહોત્સવ', ખેલ મહાકુંભ'નું આયોજન તથા વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટીનું આયોજન પણ આ વર્ષે કરવામાં આવ્યું. તદ્પરાંત રાષ્ટ્રિય સેવા યોજના અંતર્ગત પણ સમાજલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પણ યુવક કલ્યાણ અને રમતગમત ક્ષેત્રે પણ પ્રશંસનીય સિધ્ધિઓ મેળવેલ છે.'

૪૪માં પદવીદાન સમારંભમાં દીક્ષાંત પ્રવચન આપતાં ડૉ.વી.આર. પંચમુખીએ જણાવ્યું હતું કે, 'રાષ્ટ્રીય હિતમાં લેવાયેલ વિકાસલક્ષી પૈકી ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની જરૂરિયાત અને યોગ્યતા મુજબ પુનઃવિચારણા કરવી જોઈએ. સંકલ્પવાદી, સર્વાંગી અને સર્વગ્રાહી વિકાસની વિચારધારાની વકીલાત કરવી, જેમાં વૃધ્ધિ અને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ, વિકાસના સામાજિક પરિપ્રેક્ષ્યો અને જીવનના મૂલ્યોનો સમાવેશ કરવો જોઈએ. નવા વિકાસની વિચારધારામાં ભારતના આર્થિક, વિકાસલક્ષી, સંચાલકીય અને વ્યવસ્થાપનના પૌરાણિક વિચારો પ્રવર્તમાન સમયમાં વધુ પ્રસ્તુત છે. નવી વિચારલક્ષી વિચારધારામાં પ્રાચીન જ્ઞાનનો સમાવેશ કરી યોગ્ય વ્યુહરચના ઘડવાની જરૂર છે. વિકાસના નવીન ફેરફારોની રચના કરવામાં અર્થશાસ્ત્ર અને વિકાસ પર ભારતના પ્રાચીન વિચારો માર્ગદર્શન પૂરું પાડી શકે છે. અર્થશાસ્ત્ર ઉપરના આધુનિક પશ્ચિમી વિચારધારા પ્રમાણે માણસ માણસને સાફલ્યવાદી માળખામાં તેમજ તેને ભૌતિક અને આધ્યાત્મિક માણસના મિશ્રણ તરીકે જોવામાં આવ્યો છે. પ્રાથમિક તબકકે જોતાં ભારતીય વિચારોની ફિલસૂફી કર્મના સિધ્ધાન્ત પ્રમાણે કાર્યો પર ભાર મૂકે છે.' આ તબકકે રાષ્ટ્રપિતાને યાદ કરતા ડૉ. પંચમુખીએ જણાવ્યું કે, 'આ પૃથ્વી પર તમામ લોકોની જરૂરિયાતો સંતોષવા માટે પૂરતું છે કે પરંતુ લોકોના લાભોને સંતોષવા માટે પૂરતું નથી.' ગુજરાતનો વિકાસલક્ષી નમૂનો સ્વદેશી વિચારધારા પર આધારિત છે જેને કારણે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પાછલા બે દાયકાઓથી કોઈ વિકસીત રાષ્ટ્રની મુલાકાતે ગયા નથી. તેઓ ગુજરાતના વિકાસના મુખ્ય વાહક અને પથદર્શક છે. તેમના નિર્ણયો 'વોલમાર્ટ' જેવી કોઈ વિદેશી સંસ્થાના પ્રેરિત દબાણ કે ચલિત નથી. એમણે પોતાના છ કરોડ ગુજરાતીઓના વિકાસ અને કલ્યાણ માટેના વિચારો અને હેતુઓ વ્યકત કર્યા છે.'

આ સમારંભમાં વિવિધ વિદ્યાશાખાઓ પૈકી આર્ટ્સમાં ૧૦૭૨૭, શિક્ષણમાં ૨૪૯૫, વિજ્ઞાનમાં ૨૮૫૭, ટેકનોલોજી ઈન્કુલુડિંગ એન્જિનિયરીંગમાં ૭૦૬, લોમાં ૧૩૮૦, મેડિસિનમાં ૩૭૫, હોમિયોપેથિકમાં ૧૩૫, કોમર્સમાં ૧૦૪૮૨, રૂરલ સ્ટડીઝમાં ૨૭૨, મેનેજમેન્ટ સ્ટડીઝમાં ૧૩૯, કમ્પ્યૂટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં ૨૭૪૦, આર્કિ. એન્ડ ડિઝાઈનમાં ૫૬ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. તદ્પરાંત ૭૭ જેટલા વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રકો તથા ૬૮ પારિતોષિક એનાયત થયા.

આ પદવીદાન પ્રસંગે પરીક્ષા નિયામકશ્રી, અધિકારીશ્રીઓ, સેનેટ-સિન્ડિકેટના સભ્યશ્રીઓ, વિવિધ સત્તામંડળના સભ્યશ્રીઓ, યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ, ફેકલ્ટી મેમ્બર્સ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, સંચાલકમંડળના હોદ્દેદારો, શિક્ષણકારો, વિદ્યાર્થીઓ, ઉદ્યોગપતિઓ, દાતાશ્રીઓ, નિમંત્રિત મહેમાનો અને યુનિવર્સિટી પરિવારના સૌ સભ્યો હાજર રહયા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રો (ડૉ.) રાકેશભાઈ દેસાઈ અને ડૉ. રોમન ભાટિયાએ કર્યું હતું.



















## U. G. C. National Seminar




Department of English, Veer Narmad south Gujarat University, Surat, organized a National seminar on “Narrating Childhood: Indian Literary Contexts” on 6-7 February, 2013, on the university campus. In the Inaugural Session Prof. Rakesh Desai delivered the welcome address and introduced the theme of the seminar. Ms. Manorama Jafa, an eminent writer, scholar and activist in the area of children's literature, based in New Delhi, delivered the key note address. Dr. Dakshesh Thakar, Hon'ble Vice Chancellor, delivered presidential address.

The Inaugural session of the seminar was followed by the academic sessions held on the two days. The seminar received research papers in the field of childhood studies from University of Rajasthan; JJT University, Rajasthan; Govt. Zawlnaum college, Mizoram; University of Pune; Kakatiya University, Andhra Pradesh; University of Mumbai; Tata Institute of Social Sciences, Mumbai; New Delhi; Gujarat University; Saurashtra University, M. S. University of Baroda; Uka Tarasadia University and Veer Narmad South Gujarat University. The academic sessions offered lively interaction and debate about the varied readings of the texts for children and with the child's viewpoint, assumptions about childhood along interdisciplinary axis. A large number of college teachers and students of Veer Naramd South Gujarat University participated in the seminar. At the valedictory session, Ms. Manorama Jafa delivered a talk on children's literature as a creative writer and her experiences as an activist in the area, and Dr. Nandini Manjarekar of Tata Institute of Social Sciences, Mumbai, discussed the related issues in terms of gender and politics.




## KCG



યુનિવર્સિટીમાં ૧-૩-૧૩ના રોજ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાની ઉપસ્થિતિમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકો અને અધિકારીઓ માટે નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાતના પદાધિકારીઓ શ્રી વેદાંત પંડયા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના શ્રી આનંદ ભટ્ટ અને ડૉ. પંકજ જાનીએ રાજયની ઉચ્ચશિક્ષણની નવી તરાહ સીબીસીએસ, કે.સી.જી., સપ્તતારા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણાઓ અને જરૂરી પશ્નોત્તરી કરી હતી. આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

યુનિવર્સિટી ગ્રંથાલયમાં યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના પુસ્તકોનું વેચાણ કેન્દ્રનો કુલપતિશ્રી દક્ષેશ ઠાકર અને સરકારના સલાહકાર ડૉ. પંકજ જાનીના શુભ હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ વેચાણ કેન્દ્રમાંથી યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડનાં પ્રકાશનોનું વેચાણ કરવામાં આવશે જેનો દક્ષિણ વિસ્તારની શૈક્ષણિક



સંસ્થાઓ લાભ લઈ શકશે.

આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, યુનિવર્સિટી ગ્રંથાલયના ઓફિસર ઓન સ્પેશ્યલ ડયૂટિ અને અંગ્રેજી વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. રાકેશભાઈ દેસાઈ, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિયન ડૉ. બી.જે. અંકુયા, વિવિધ વિભાગના વડાશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.



## સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી



ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના ઉપક્રમે યુનિવર્સિટીના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના તા. ૩-૪-૧૨ના સ્વામી વિવેકાનંદ સાર્ધ શતાબ્દિની ઉજવણી સંદર્ભના પરિપત્રના અનુસંધાનમાં બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ અને માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સના વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદ જીવન-કવન પર ૧૦૦ પ્રશ્નો ઉત્તરો સહિત ડૉ. બી.જે. અંકુયા દ્વારા તૈયાર કરીને આપવામાં આવેલ હતા. આ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં તા. ૨૦-૨-૧૩ના રોજ વિદ્યાર્થીઓ માટેની સ્વામી વિવેકાનંદ જીવન-કવન વિષય ઉપર સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં પ્રથમ ક્રમે માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સની વિદ્યાર્થિની કુ. રિધ્ધિ બી. સભાયા અને બીજા ક્રમે કુ. મૃણાલિકાકુમારી એન. પટેલ, જયારે ત્રીજા ક્રમે બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સની વિદ્યાર્થિની ગીતાબેન બી. પ્રજાપતિ વિજેતા રહયા હતા. વિજેતાઓને ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરીયન ડૉ. બી.જે. અંકુયા તરફથી ત્રણ પુસ્તકોને સંપુટ એનાયત કરવામાં આવ્યા હતા.

## ગૌરવ

યુનિવર્સિટીમાં સિનિયર કલાર્ક તરીકે સેવા બજાવતા શ્રી ઈશ્વરભાઈ સી. ગરાસિયાને ડિસ્ટ્રીકટ ઈલેકશન ઓફિસર એન્ડ કલેકટરશ્રી, સુરત તરફથી ડીસ્ટ્રીકટ લેવલ સેલિબ્રેશન ઓફ નેશનલ વોટર્સ ડે-૨૦૧૩ અંતર્ગત ગત વિધાનસભાની ચૂંટણીમાં બૂથ લેવલ ઓફિસર તરીકે ૧૬૩-લિંબાયત વિધાનસભા ક્ષેત્રમાં બજાવેલ ઉત્તમ કામગીરી બદલ પ્રથમ ત્રણ બેસ્ટ લેવલ ઓફિસર્સ પૈકી પ્રથમ ક્રમનું પ્રમાણપત્ર તા. ૨૫-૧-૨૦૧૩ના રોજ એનાયત કરવામાં આવેલ છે. અભિનંદન.

## એન.એસ.એસ.





રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ માટે HCM Rajasthan State Institute of Public Administration Jaipur, Rajasthan ખાતે યોજાયેલ "TOT on Social Harmony National Unity and Human Rights" વિષે તા. ૨૮-૧-૨૦૧૩ થી ૩-૨-૨૦૧૩ દરમ્યાન યોજાયેલ પ્રશિક્ષણ કાર્યક્રમમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના પાંચ પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ ૧. પ્રો. દિલીપભાઈ ડી. પટેલ, બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ. ૨. ડૉ. આશા કે. ગોહિલ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢા, ૩. પ્રો. કે.સી. પટેલ, શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ, ૪. પ્રો. એચ. બી. બારીયા, જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, ૫. પ્રો. ઉમા એમ. ભાવસાર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવીએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં Human Rights & Indian Constitution, Rights Violation, Role of Police & Bureaucracy & Human Rights Protection, Human Rights & Nation Building, National Integration, Communication tools on Social Harmony, Human Right & National Inergation Gandhi & Nation Building and Gender Equality વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. ઉપરોકત કાર્યક્રમ રાજીવ ગાંધી નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ યુથ ડેવલપમેન્ટ, શ્રી પેરુમ્બદુર, તામીલનાડુ દ્વારા યોજવામાં આવ્યો હતો.

ભારત સરકારના રાષ્ટ્રીય ગ્રામિણ વિકાસ સંસ્થાન (એન.આઈ.આર.ડી.) હૈદ્રાબાદ ખાતે યોજાયેલ ગરીબી ઉન્મૂલન પ્રશિક્ષણ કાર્યક્રમ (પાર્ટીસિપેશન ઓફ યુથ ઈન પાવર્ટી એલીવેશન) તા. ૨૮-૩૧ જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન યોજાયેલ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સેવા યોજના પ્રાદેશિક કચેરી અમદાવાદ દ્વારા ગુજરાત રાજયમાંથી બે (૨) પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રીઓને ડેપ્યુટ કરવામાં આવ્યા હતા. જેમાં આપણી યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી ડૉ. એ.એન. માલવિયાએ પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો. અને યુનિવર્સિટી દ્વારા આયોજીત વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમમાં દેશભરમાંથી કુલ ૨૬ રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રાદેશિક વડાશ્રીઓ, પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રીઓ તેમજ નહેરુ યવા કેન્દ્રના સહાયક નિયામક, જીલ્લા કો-ઓર્ડિનેટરશ્રીઓએ ભાગ લીધો હતો.

પ્રસ્તુત પ્રશિક્ષણ શિબિર દરમ્યાન યુથ પોલીસીઝ અને પ્રોગ્રામ, હયુમન કેપીટલ, પાવર્ટી ઈન્ડેક્ષ, હયુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ, નેતૃત્વ વિકાસ, સેલ્ફ હેલ્પ ગૃપ, મહીલા સશકિતકરણ, ગ્રામિણ વિકાસમાં રાષ્ટ્રીય સેવા યોજના અને નહેરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકોની ભૂમિકા વગેરે વિષયો પર વિસ્તૃત પ્રશિક્ષણ તેમજ ચર્ચા કરવામાં આવી હતી.

## સ્પર્ધા



એમ.એસ. યુનિવર્સિટી, બરોડા મુકામે આંતર યુનિવર્સિટી ટેબલ-ટેનિસ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવસિર્ટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચશ્રી મોહંમદ ધુપલી અને મેનેજર તરીકે પ્રો. કે. એચ. ચૌહાણ સેવા આપી રહયા છે. ટીમ : ભાઈઓ - ૧) શ્રી દેસાઈ ભાવિન એન., ૨) શ્રી કાપડીયા વિશ્વ યુ., ૩) શ્રી દેસાઈ ભાર્ગવ ડી., ૪) શ્રી ડેવિડ સોલોમ સી., ૫) શ્રી સોલંકી મયંક એચ. બહેનો - ૧) કુ. ચીપીયા ઝેના એમ., ૨) કુ. ભટ્ટ વિશ્વા પી., ૩) કુ. રો સ્તુતિ એન., ૪) કુ. ઈટાલીયા તરોનીસ એમ.




એમ.એસ. યુનિવર્સિટી, બરોડા મુકામે આંતર યુનિવર્સિટી ક્રિકેટ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવસિર્ટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના બાસ્કેટ બોલ કોચશ્રી આર. સી. ભાલાવાલાએ ખેલાડીઓનો પરિચય અને આભારવિધિ કરી હતી. આ

ટીમના કોચ શ્રી કેતન પટેલ અને મેનેજર તરીકે શ્રી શિરીષ સોલંકી સેવા આપી રહયા છે. ટીમ : ૧) શ્રી પટેલ વિરાજ બી., ૨) શ્રી વર્મા સતીષ વાય., ૩) શ્રી પટેલ અભિષેક જે., ૪) શ્રી ત્રિવેદી અભિષેક આર., ૫) શ્રી પટેલ દેવ્યાંગ જી., ૬) શ્રી રાઠોડ મયંક જી., ૭) શ્રી ટંડેલ ચિરાગ આર., ૮) શ્રી કાળા ઈસ્માઈલ એ., ૯) શ્રી લીલોકર જીગર એસ., ૧૦) શ્રી પરમાર નિસાંગસિંહ કે., ૧૧) શ્રી શેઠ માઝા એમ., ૧૨) શ્રી પટેલ સ્મિત પી., ૧૩) શ્રી અગ્રવાલ પ્રતિક પી., ૧૪) શ્રી પટેલ અકીબ એ., ૧૫) શ્રી ઓટલાવાલા ઝૈનુલઅબીન એમ., ૧૬) શ્રી મૈસુરીયા નિરવ બી.



બીલાસપુર યુનિવર્સિટી, બીલાસપુર મુકામે આંતર યુનિવર્સિટી બોક્ષિંગ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવસિર્ટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. બાસ્કેટ બોલ કોચશ્રી આર. સી. ભાલાવાલાએ ખેલાડીઓનો પરિચય અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ શ્રી પ્રદિપ લેંકા અને શ્રી વિજય પાટીલે કોચીંગ આપ્યું હતું. ટીમ : ૧) શ્રી જીનદલ પુલકીત એમ., ૨) શ્રી મિસ્ત્રી રામભવન એસ., ૩) શ્રી મિશ્રા ગુડુ એચ., ૪) શ્રી પંડયા આશિષ એસ., ૫) શ્રી સિંગ દિપેન્દ્ર ડી., ૬) શ્રી પટેલ આકાશ એસ., ૭) શ્રી વ્યાસ શ્યામ કે., ૮) શ્રી ભંડારી રિતેષ બી., ૯) શ્રી ચોવટીયા પ્રકાશ આર., ૧૦) શ્રી સિંગ કરણવીર એ.



યુનિવર્સિટી ઓફ મુંબઈ મુકામે આંતર યુનિવર્સિટી ખો-ખો (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ શ્રી કપિલ દેવ શુકલના પ્રમુખ પદે તથા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારાના આચાર્યશ્રીના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવસિર્ટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. બાસ્કેટ બોલ કોચશ્રી આર. સી. ભાલાવાલાએ ખેલાડીઓના પરિચય અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ અને મેનેજર તરીકે શ્રી મદનસિંહ ઠાકોર સેવા આપી રહયા છે. ટીમ : ૧) શ્રી પટેલ પ્રિયાંક એમ., ૨) શ્રી પ્રજાપતિ શૈલેષ, ૩) શ્રી ગામીત અશ્વીન કે., ૪) શ્રી રાઠવા અમરસિંગ એમ., ૫) શ્રી જોષી ભરતકુમાર એમ., ૬) શ્રી ટંડેલ ધનંજય આઈ., ૭) શ્રી પટેલ મિતેશ એસ., ૮) શ્રી પટેલ હર્ષદ એસ., ૯) શ્રી ગામીત દીલુભાઈ જી., ૧૦) શ્રી ચૌધરી સુનીલ આર., ૧૧) શ્રી ગામીત જયેશ ડી., ૧૨) શ્રી ચૌધરી ભાવેશ વી.

# કોલેજ ન્યૂઝ

## વ્યાખ્યાન

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલમોરા અને ળભ્ઈષ્ ગાંધીનગરના સંયુકત રૂપક્રમે 'સંસ્કૃત વિષયનું જતન સંવર્ધન' વિષય પર આધારિત એક દિવસીય સેમિનાર કોલેજ ખાતે તા. ૨૧-૧-૧૩ના રોજ યોજાયો હતો. જેમાં વલસાડ જિલ્લાની માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી કુલ ૫૬ સંસ્કૃત વિષયના શિક્ષકોએ ભાગ લીધો હતો. ઉદ્‌ઘાટન સમારોહમાં અધ્યક્ષસ્થાને બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી નૌશીરભાઈ બધની, ઉદ્‌ઘાટક તરીકે વી.એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ આચાર્યશ્રી ડૉ. મહેશભાઈ વશી અને અતિથિવિશેષ તરીકે ડૉ. દિપકભાઈ પારેખે તથા શ્રી ભરતભાઈ વ્યાસે હાજરી આપી. સંસ્થાના સુકાની અને પ્રોજેકટ ડાયરેકટર ડૉ. કિશોરભાઈ નાયકે પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા સેમિનારની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી મહેમાનો તથા શિક્ષકોને આવકાર્યા હતા. ડૉ. વિનયભાઈ પટેલે 'વર્ગખંડ અધ્યાપનકાર્યમાં સંસ્કૃત શિક્ષકનું કથન કૌશલ્ય', શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના સંસ્કૃતવિભાગના પ્રા. શ્રી ડૉ. દિપક પારેખે 'વર્ગખંડ અધ્યાપનકાર્યમાં સંસ્કૃત શિક્ષકનું ઉત્તરદાયિત્વ', આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, કામરેજના સંસ્કૃત વિભાગના પ્રા. શ્રી ભરતભાઈ વ્યાસે 'વર્ગખંડ અધ્યાપનકાર્યમાં સંસ્કૃત શિક્ષકની સજ્જતા' વિષય પર વ્યાખ્યાનો આપ્યા હતા. સમાપન સમારોહ વલસાડ જિલ્લાના શિક્ષણાધિકારીશ્રી જયેશભાઈ પટેલના નેતૃત્વમાં યોજાયો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. નમ્રતાબેન પટેલે તેમજ પ્રા. શ્રીમતિ શીતલબેન વસાવાએ કર્યું હતું. અને આભારવિધિ ડૉ. વિનયભાઈ પટેલે કરી હતી.

ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ માઈક્રો, સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ સેલવાસ - દાદરા નગર હવેલી બ્રાન્ચના સહયોગથી તા. ૨૧-૧-૧૩ના રોજ શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે ઈન્ડસ્ટ્રીયલ મોટીવેશન કેમ્પેઈન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓને લેકચર તથા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા MSME - ડિપાર્ટમેન્ટના આસીસ્ટન્ટ ડાયરકેટર શ્રી આર. કે. પરમારે તથા વિષય નિષ્ણાત શ્રી રાકેશભાઈ દેસાઈએ વિગતવાર માહિતી આપીને પ્રશ્નોત્તરી કરી હતી. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે પ્રાસંગિક પ્રવચન દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.)ના પ્રા. ડૉ. કિર્તીબેન માટલીવાલાનું 'સ્વાસ્થ્ય શિક્ષણ અને જાતિય શિક્ષણ'ના વિષય ઉપર અને ફાલ્ગુનીબેન મહેતાનું 'તરુણાવસ્થાની સમસ્યા અને નિવારણ' વિષય ઉપર વ્યાખ્યાન યોજાઈ ગયું.

તા. ૬-૨-૧૩ના રોજ ઉધના અકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત, ઉધના અકેડેમી કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં "એડવાન્સ સોફટવેર એન્જીનિયરીંગ" વિષય પર યોજાયેલ સેમીનારમાં નિષ્ણાંત તરીકે ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યુટર સાયન્સનાં પ્રો. (ડૉ.) એસ.વી. પટેલે હાજરી આપી વ્યાખ્યાન રજુ કર્યું હતું.

- એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે તા. ૨૪-૧-૧૩ના રોજ યોજાયેલ "મને ગમતું પુસ્તક" વાર્તાલાપમાં જોષી પાર્થ એસ.એ., અવિનાશ પારેખના "આતપ", તથા સરદાર બલબીરસિંગે જનક નાયકના "વિદ્યાર્થીઓ અને પરીક્ષાની તૈયારી" પુસ્તક પર વિચારો રજૂ કર્યા હતા.
- બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પુરસ્કૃત આંતર કોલેજ વ્યાખ્યાનમાળા પ્રસંગે વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન, સુરતના ડૉ. કે.વી. દેસાઈએ 'શતાંશસ્થ, પ્રતિશતક્રમાંક અને પ્રમાણભૂત પ્રાપ્તાંકો વિષય' ઉપર વ્યાખ્યાન આપ્યું.

## વાંચન વિશેષ

**મારો ઈશ્વર**

લેખક : ગાંધીજી. સંકલન : આર. કે. પ્રભુ
પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
૧૯૬૪. પૃ. ૬૪ રૂા. ૨-૦૦

આ નાનકડી પુસ્તિકામાં પ્રકરણ : ૧ ઈશ્વરની વ્યાખ્યા, ૨. ઈશ્વર છે. ઈશ્વરનું સ્વરૂપ, ૪. સત્ય એ જ ઈશ્વર, ૫. અહિંસા-ઈશ્વરની અદ્રશ્ય શકિત, ૬. શ્રધ્ધા અને બુધ્ધિ, ૭. ઈશ્વરસાક્ષાત્કાર, ૮. ઈશ્વરપ્રાર્થના, ૯. ઈશ્વરનો અવાજ, ૧૦. ઈશ્વરના કાયદા, ૧૧. ઈશ્વર અને અનિષ્ઠા, ૧૨. ઈશ્વરનો કોપ, ૧૩. ઈશ્વરને પહોંચવાના માર્ગો, ૧૪. ઈશ્વર સેવા, ૧૫. સાચો ભકત, ૧૬. ઈશ્વરનાં ધામ, ૧૭. અવતાર અને ૧૮. ઈશ્વર વિશેની મારી સમજ પ્રકરણોમાં સમાવેશ પામે છે.

ઈશ્વરની વ્યાખ્યા દર્શાવતાં બાપુ લખે છે કે, "દરેકેદરેક પદાર્થમાં વ્યાપી રહેલી કોઈક ગૂઢ સત્તા છે, જેનું શબ્દોથી વર્ણન કે વ્યાખ્યા થઈ શકતી નથી. હું તેને જોઈ શકતો નથી છતાં તેનો અનુભવ મને થયા કરે છે. આ દ્રશ્ય સત્તાનો અનુભવ થાય છે ખરો પણ તેની સાબિતી આપી શકાતી નથી કે મારી ઈન્દ્રિયો વડે જે જે પદાર્થોનું જ્ઞાન મને થાય છે તે સર્વથી તે સત્તા તદ્દન જુદી જાતની છે. તે ઈન્દ્રિયોથી પર છે. ... દુનિયાના સામાન્ય વહેવારમાં પણ આપણે જોઈએ છીએ કે પોતાના પર કોણ શાસન ચલાવે છે, શા સારુ શાસન ચલાવે છે અથવા કેવી રીતે શાસન ચલાવે છે તે લોકો જાણતા નથી. અને છતાં સત્તાની હયાતી છે ને તે અચૂક ચલાવે છે એટલું તેઓ જાણે છે."

ઈશ્વર છે વિષે દર્શાવતાં બાપુ કહે છે કે, " 'સત્ય' શબ્દ સતમાંથી છે. 'સત' એટલે હોવું. સત્ય તે હોવાપણું. સત્ય સિવાય બીજી કોઈ વસ્તુને હસ્તી જ નથી. પરમેશ્વરનું ખરું નામ જ 'સત' એટલે 'સત્ય' છે. તેથી પરમેશ્વર 'સત્ય' છે એમ કહેવા કરતાં 'સત્ય' એ જ પરમેશ્વર છે એમ કહેવું વધારે યોગ્ય છે. ... અને જયાં સત્ય છે ત્યાં જ્ઞાન-શુધ્ધ-જ્ઞાન-છે જ. જયાં સત્ય નથી ત્યાં શુધ્ધ જ્ઞાન ન જ સંભવે"

ઈશ્વરના સ્વરૂપ વિષે બાપુ દર્શાવે છે કે, "મારે મન ઈશ્વર એ સત્ય અને દયા છે, નીતિ છે, અભય છે; ઈશ્વર પ્રકાશ તથા આનંદનું ધામ છે. અને છતાં આ સર્વથી ઊંચે તથા પર છે. ઈશ્વર અંતઃકરણની પ્રવૃત્તિ છે, નાસ્તિકની નાસ્તિકતા પણ તે જ છે, કારણ પરમ પ્રેમસ્વરૂપ હોઈ ભગવાન નાસ્તિકને પણ જીવવા દે છે. તે અંતર્યામી છે. વાણી તથા બુધ્ધિ તેને પામી શકતી નથી."

અહિંસા વિષે બાપુ લખે છે કે "અહિંસા એ મનુષ્યજાતિની પાસે પડેલી પ્રબળમાં પ્રબળ શકિત છે. માણસની બુધ્ધિએ યોજેલાં સંહારનાં પ્રચંડમાં પ્રચંડ શસ્ત્રાસ્ત્રો કરતાં એ વધારે પ્રચંડ છે. સંહાર એ મનુષ્યધર્મ નથી. મનુષ્ય પોતાના ભાઈને મારીને નહીં પણ પ્રસંગ આવ્યે તેને હાથે મરી જવાને તત્પર રહીને જ સ્વતંત્ર દશામાં જીવે છે. ગમે તે કારણે બીજા માણસનું કરેલું ખૂન કે અન્ય પ્રકારની હિંસા મનુષ્યજાતિ સામે અપરાધરૂપ છે."

ઈશ્વરસાક્ષાત્કાર વિષે બાપુ દર્શાવે છે કે, "જો આપણામાં ખરી શ્રધ્ધા હોય, આપણી પ્રાર્થના એ અંતરના જ ઉદગાર હોય, તો આપણે ઈશ્વરની પરીક્ષા કોઈ દિવસે નહીં કરીએ. તેની સાથે સાટું ન કરાય. .. જે શૂન્યતાને નથી પામ્યો તે ભકત કહેવાને લાયક નથી. આપણે તેની પાસે જયાં લગી ખાલી હાથે ન જઈએ, આપણી અશકિતનો નમ્રતાપૂર્વક તેની પાસે સ્વીકર ન કરીએ, ત્યાં સુધી આપણને મલિન વૃત્તિઓરૂપી અસંખ્ય રાક્ષસોની સામે વિજય મેળવવાને શકિત મળતી નથી."

ઈશ્વરપ્રાર્થના માટે બાપુ દર્શાવે છે કે, " હું માનું છું કે પ્રાર્થના ધર્મનો ખુદ આત્મા ને સાર છે અને કોઈ માણસ ધર્મ વગર જીવી શકતો નથી તેથી પ્રાર્થના તેમના જીવનનું હાર્દ હોવી જોઈએ."

'અભ્યાસી પ્રત્યે'માં પુસ્તકની પ્રસ્તાવના સ્વરૂપે બાપુ લખે છે કે, 'મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઈચ્છું છું કે, મને સર્વ કાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃધ્ધ થયો હોઉ, પણ મારો આંતરિક વિકાસ થતો અટકયો છે અથવા દેહ પડયા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિશે શ્રધ્ધા હોય તો, એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને."

બાપુની આ નાનકડી પણ ઈશ્વર વિષેની પુસ્તિકા સૌકોઈએ વાંચવા જેવી અને મનન કરવા જેવી છે. આ પુસ્તિકા સત્ય સાંભળવા તેમજ કહેવા માટે પણ આપણને બળ આપે છે.

**ડો. જે.આર. મહેતા**
**કુલસચિવ**

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com